# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 6-11-2024** **Morning : 7.10 to 7.20 am**
**Day : Wednesday** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **અનિલ પટેલ** વાંચે છે.

.............................................................................................................

- મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમરેલીમાં નાવલી નદી પર 25 કરોડ રૂપિયાનાં ખર્ચે બનનારા રિવરફ્રન્ટનું ખાતમૂહુર્ત કર્યું.
- ગુજરાતે પુનઃપ્રાપ્ય ઉર્જા ક્ષેત્રે 30 ગિગાવોટની વિક્રમજનક ક્ષમતા સ્થાપિત કરી.
- આજે લાભપાંચમથી રાજ્યભરનાં ધંધા-રોજગાર ફરીથી ધમધમતા થશે. - છઠ પુજા માટે પણ વ્યવસ્થા કરાઈ.
- આણંદના રાજુપુરા પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન પથ્થરો તૂટતાં ત્રણ શ્રમિકોનાં મૃત્યુ - એકને ઇજા
- રાજ્યમાં કેટલાંક સ્થળોએ રાત્રિનું તાપમાન 20 ડિગ્રીથી નીચે ગગડતાં ઠંડીનાં ચમકારાનો પ્રારંભ.

---------------------------------------------------------------

## CM AMRELI

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઇ કાલે સાવરકુંડલા શહેરમાંથી પસાર થતી નાવલી નદીના રિવરફ્રન્ટ તેમજ ગટર યોજના – 2નું ખાતમુહૂર્ત કર્યું હતું. નાવલી

નદી પર રિવરફ્રન્ટ બનાવવા 25 કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે. આ પ્રોજેક્ટ નદીને સ્વચ્છ અને નવપલ્લવિત કરવા ઉપરાંત નગરની સુંદરતામાં વધારો કરશે.

દરમિયાન અમરેલી તાલુકાના ચાડિયા ગામે માતૃભૂમિ વંદના મહોત્સવમાં તેમણે જણાવ્યું, સેવા કરવા માટે સત્તાની આવશ્યક્તા નથી, જે અમરેલી જિલ્લાએ સાર્થક કરી બતાવ્યું છે. દરેક જિલ્લામાં 75 અમૃત સરોવર નિર્માણના પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આહ્વાને ઝીલીને અમરેલી જિલ્લાએ 99 અમૃત સરોવરનું નિર્માણ કર્યું છે. દરમિયાન, મુખ્યમંત્રીએ સાવરકુંડલા ખાતે શ્રી વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરની મુલાકાત લીધી હતી. શ્રી પટેલે 100 ટકા નિ:શુલ્ક હેલ્થકેર મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ ખાતે મેડિસીન, આંખ, હાડકાં, કેન્સર ઓપરેશન થિયેટર સહિતની અત્યાધુનિક સુવિધાઓની પણ મુલાકાત લઈ, છેલ્લા દસ વર્ષથી અવિરત આ તબીબી સેવાને બિરદાવી હતી.

---

# CM AMRELI LOKARPAN

મુખ્યમંત્રીએ ગઈકાલે અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકામાં 122 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, અમરેલી જિલ્લા અને સાવરકુંડલા શહેરનું રોડ જોડાણ વધે તે માટે વિવિધ રસ્તાઓના કામ થકી નગરજનોને સુવિધાસભર પરિવહનની ભેટ મળી છે.

**(ઑડિયો : ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)**

---

# URJA SIDDHI

ગુજરાત રાજ્યે ઑક્ટોબર મહિનામાં પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે 30 ગીગોવૉટની વિક્રમજનક ક્ષમતા સ્થાપિત કરીને નવી સિદ્ધિ હાંસલ કરી છે. આ સાથે ગુજરાતે દેશમાં આ ક્ષેત્રમાં અગ્રીમ સ્થાન મેળવ્યું છે. આ સિદ્ધિની સાથે ગુજરાતે ભવિષ્ય માટે પુનઃપ્રાપ્ય ઊર્જા સંશાધનોના વ્યાપક વિકાસ દ્વારા પર્યાવરણની સલામતી તરફ વધુ એક સોપાન સર કર્યું હોવાનું ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ - GUVNLની યાદીમાં જણાવ્યું છે.

GUVNL દ્વારા વર્ષ 2023-24 દરમિયાન 13 ગીગાવૉટની સમગ્ર દેશમાં સર્વોત્તમ ક્ષમતાના પુનઃપ્રાપ્ય ઊર્જા કરાર હસ્તાક્ષર કરાયા છે. ઉપરાંત પોતાની સિદ્ધીઓને દેશમાં ઝળહળતી રાખી દેશના ડી-કાર્બનાઈઝેશન લક્ષ્યમાં પોતાનું અગ્રેસર યોગદાન આપવા ગુજરાતે વર્ષ 2030 સુધીનો પુનઃપ્રાપ્ય ક્ષમતાનો મહત્વકાંક્ષી  લક્ષ્યાંક પણ નક્કી કર્યો છે.

-----------------------------------

# ARVALLI POLICE CHECKING

રાજસ્થાન તરફ પ્રવાસીઓનો ધસારો હોવાથી અરવલ્લી જિલ્લામાં આવેલી રતનપુર સરહદ પર સઘન પોલિસ બંદોબસ્ત કરાયો હતો. આબુ રોડ વિસ્તારમાં ગાડીઓ પર હુમલા તેમજ હિંસાની ઘટનાઓને જોતા પોલીસે સઘન ચકાસણી હાથ ધરી છે.

કોઈ પણ કટોકટીના સમયે મદદ માટે અરવલ્લી જિલ્લા કંટ્રોલ રૂમનો સંપર્ક કરવા નાયબ જિલ્લા પોલીસ અધિક્ષક રણજીતસિંહ ડાભીએ નાગરિકોને અપીલ કરી છે.

**(ઑડિયો- રણજીતસિંહ ડાભી, ના. જિ. પોલીસ અધિક્ષક, અરવલ્લી)**

---------------------------------

# Labh Pancham

રાજ્યભરમાં આજે લાભપાંચમની ધાર્મિક આસ્થા સાથે ઉજવણી થશે આ સાથે આજે દિવાળી પર્વનું સમાપન થશે. આજનો દિવસ નવી શરૂઆત, સમૃદ્ધિ અને સફળતાને આવકારવાની તક લાવે છે.

આજનો દિવસ કોઈપણ નવા કાર્યની શરૂઆત માટે શુભ મનાય છે. આજે ભગવાન શિવ, ગણેશ અને લક્ષ્મીની પૂજા કરાય છે. આજથી રાજ્યભરના બજારો, ધંધા, રોજગાર ફરીથી ધમધમતાં થશે. જૈન સમુદાયમાં આજના દિવસને જ્ઞાન પંચમી તરીકે ઉજવાય છે. રાજ્યભરના જૈનો સરસ્વતી માતાની આરાધના કરશે. બાળકો કાગળ, કલમ મૂકી જ્ઞાનની પૂજા કરશે.

---------------------------------

# Chhath Puja

દરમિયાન આવતીકાલે છઠ પુજા માટે રાજ્યભરમાં વિવિધ આયોજનો કરાયા છે. અમદાવાદ શહેરમાં 2 લાખથી વધુ ઉત્તર ભારતીયો છઠની પૂજા કરશે.

આ માટે શહેરના વિવિધ વિસ્તારોના ૭૪ પુજાના આયોજનો કરાયા છે. રિવરફ્રન્ટ ખાતે 25 હજારથી વધુ લોકો સૂર્યનારાયણને અર્ધ્ય આપી પૂજા કરશે. આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, ધારાસભ્યો, સાંસદો, મેયર સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

અમદાવાદ મહાનગરપાલિકા દ્વારા આ પર્વના આયોજન માટે ઘાટની સાફ સફાઇ, શ્રદ્ધાળુઓને રહેવા અને જમવાની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. ગુરૂવારે સાંજે ચાર વાગ્યાથી આ પૂજાનો પ્રારંભ થશે, જે બીજા દિવસે વહેલી સવારે આઠ વાગ્યા સુધી ચાલશે.

-----------------------------------

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણી અમદાવાદ વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી youtube ચેનલ એઆઈઆર ન્યુઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા X હેન્ડલ AIR ન્યુઝ અન્ડર સ્કોર એ બી એ ડી ને ફોલો કરી શકશો.

....................................

# Bullet train accident at Anand

આણંદના રાજુપુરા પાસે બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી દરમિયાન પથ્થરો તૂટતા ત્રણ શ્રમિકોનાં મૃત્યુ થયાં હોવાનાં અહેવાલ છે.

માધ્યમોના અહેવાલ પ્રમાણે, નિર્માણ દરમિયાન ગર્ડરનો ભાગ તૂટી પડતાં બેથી અઢી ટન વજનનાં પથ્થરો પુલ પરથી નીચે પડતાં ચાર શ્રમિકો દટાયા હતા, જેમાંથી ત્રણનાં મૃત્યુ થયા હતા અને એકને ઇજા થઈ હતી. ઇજાગ્રસ્ત શ્રમિકને વડોદરાની હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. ઘટનાની જાણ થતાં રેલવે, પોલિસ અને અગ્નિશમન વિભાગે બચાવ કામગીરી હાથ ધરી હતી. JCB વડે પથ્થરો હટાવવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી.

-----------------------------------

# Geer Somnath Toll booths

ગીર સોમનાથ જિલ્લામાં સોમનાથ-ભાવનગર નેશનલ હાઇવે પર 60 કિલોમીટરનાં અંતરે ત્રણ ટોલનાકામાં ટોલ વસુલવામાં આવતો હોવાથી સ્થાનિક પ્રવાસીઓમાં નારાજગી જોવા મળી રહી છે.

એક ટોલનાકું વેરાવળ નજીક ડારીમાં, બીજું પણ વેરાવળ નજીક સુંદરપરા અને ત્રીજું કોડીનાર નજીક વેળવા પાસે ટોલનાકુ બન્યું છે. સોમનાથ નજીક ડારી ટોલબુથથી વેળવા ટોલ નાકા સુધીમાં 63 કિલોમીટરનું અંતર હોવા છતા ત્રણ ટોલ નાકા થતાં સ્થાનિકો અને પ્રવાસીઓ વિરોધ કરી રહ્યા છે.

-----------------------------------

# Weather Local

રાજ્યમાં કેટલાંક સ્થળોએ રાત્રિનું તાપમાન 20 ડિગ્રીથી નીચે ગગડતાં ઠંડીનાં ચમકારાનો પ્રારંભ થયો છે.

છેલ્લા 24 કલાક દરમિયાન સૌથી વધુ 37.9 ડિગ્રી સેલ્સિયસ તાપમાન રાજકોટ જિલ્લામાં નોંધાયું હતું, ગાંધીનગરમાં 37.2 ભુજમાં 37.3, પોરબંદરમાં 36.5 ડિગ્રી મહત્તમ તાપમાન નોંધાયું હતું. જ્યારે સૌથી ઓછું 17.1 ડિગ્રી સેલ્સિયસ તાપમાન દાહોદ જિલ્લામાં નોંધાયું હતું.

અમદાવાદમાં 21.6, ગાંધીનગરમાં 19.4 ડિગ્રી લઘુત્તમ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગના નિદેશક એ.કે. દાસે જણાવ્યું કે આગામી સાત દિવસ દરમિયાન રાજ્યમાં શુષ્ક વાતાવરણ રહેશે. આ સાથે જ ઉત્તર અને ઉત્તર-પૂર્વ દિશા તરફથી આવતા સૂકા પવનોને કારણે દિવસ દરમિયાન અત્યંત ગરમી અને સાંજ પડતા જ થોડા અંશે ઠંડક અનુભવાશે.

---------------------------------

# 68th Table Tennis Championship

કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા નગર હવેલીમાં આગામી 17 થી 21 નવેમ્બર દરમિયાન 68મી અન્ડર- 17 નેશનલ સ્કૂલ ટેબલ ટેનિસ સ્પર્ધા યોજાશે, જેમાં વિવિધ રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને એકમોના ખેલાડીઓએ ભાગ લેશે.

આ સંદર્ભમાં, રમતગમત અને યુવા બાબતોના વિભાગ દ્વારા કેન્દ્રશાસિત પ્રદેશના -17 વર્ષથી ઓછી વયના ટેબલ ટેનિસ માટે પસંદ કરાયેલા ખેલાડીઓના સારા દેખાવ માટે પ્રદર્શન શિબિર યોજાઇ હતી.

ગઇકાલથી શરૂ થયેલી આ શિબિર 17 નવેમ્બર સુધી ચાલશે, જેમાં ખેલાડીઓને ભારતીય ટેબલ ટેનિસ ટીમના કોચ અને રાષ્ટ્રમંડળ રમતના ચંદ્રક વિજેતા મમતા પ્રભુ દ્વારા તાલીમ અપાશે.

---------------------------------

# NAVSARI TRIBAL TRADE FAIR

રાજ્યમાં આઠથી દસ નવેમ્બર દરમિયાન પ્રથમ વખત ઐતિહાસિક આદિવાસી વ્યાપાર મેળો નવસારી જિલ્લામાં યોજાશે. આ મેળામાં નિષ્ણાતો દ્વારા આદિવાસી સમુદાયના નવયુવાનોને પોતાના ઉદ્યોગ-ધંધાને વિકસાવવા અંગે માર્ગદર્શન પણ અપાશે.

મેળાનો ઉદ્દેશ કળા, કૌશલ્ય અને કુનેહ ધરાવતા આદિવાસી સમુદાયના યુવાનોને યોગ્ય પ્લેટફૉર્મ પૂરો પાડવાનો છે. આ મેળામાં અંદાજે 50 હજારથી વધુ મુલાકાતીઓ માટે 240થી વધુ હાટડી બનાવવામાં આવી છે. દરમિયાન લોકોને આદિવાસી સમાજની પ્રાચીન સંસ્કૃતિના પણ દર્શન થશે.

----------------------------------

# POST SCHOLARSHIP DEMAND

રાજ્યના અનામત વર્ગમાં આવતાં વિદ્યાર્થીઓ માટે પૉસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ અરજી માટેની છેલ્લી તારીખમાં વધારો કરવાની રજૂઆત રાજ્યનાં મંત્રી ભાનુબેન બાબરિયાને કરવામાં આવી છે.

પાટણ તાલુકા પંચાયતના સામાજિક ન્યાય સમિતિના અધ્યક્ષે રજૂઆત કરતાં જણાવ્યું કે, રાજ્યના અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગના વિદ્યાર્થીઓને વર્ષ 2024-25 માટે ડિજિટલ ગુજરાત પૉર્ટલ પર નવ ઑક્ટોબરથી 10 નવેમ્બર સુધી ઑનલાઈન અરજીનો સમય આપ્યો છે. જોકે, અનેક વિદ્યાર્થીઓને સમસ્યાનો સામનો કરવો પડી રહ્યો હોવાથી તારીખ વધારો કરવામાં આવે.

----------------------------------

# Bhavnagar Accident

ભાવનગર જિલ્લાના પાલિતાણાના ઘોડીઢાળ પાસે માર્ગ અકસ્માતમાં એક યુવાનનું મોત થયું છે. અમારા પ્રતિનિધિ સુરેશ ત્રિવેદી જણાવે છે કે, યુવક બાઈક લઈ જઈ રહ્યો હતો ત્યારે કાર ચાલક સાથે અડફેટમાં આવતાં અકસ્માત થયો હતો. ઈજાગ્રસ્ત યુવાનને સારવાર માટે હોસ્પિટલ ખેસડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. પોલીસે ઘટનાની વધુ તપાસ હાથ ધરી છે.

-----------------------------------